# મામલતદાર કચેરીમાંથી ૨૫૦૦ મિલક્તોના ૭-૧૨ અને ૮-અ દસ્તાવેજો ગાયબ

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના બાયડ શહેરના મિલ્કતધારકોની ૨૫૦૦ મિલ્કતોના ૭-૧૨ અને ૮-અ ના દસ્તાવેજો બાયડ મામલતદાર કચેરીમાંથી એને થયેલી જમીનોના દસ્તાવેજો ગાયબ થઈ જતાં બાયડ શહેરના નગરજનોમાં હડકંપ મચ્યો છે. એનેના ૭-૧૨ તથા ૮-અના ઉતારા ન મળતાં લોન લેવામાં મુશ્કેલી નડે છે. વકીલનું ટાઈટલ ક્લીયર મળતુ નથી, બાંધકામની રજાચીઠ્ઠી મળતી નથી, વીજ કનેક્શન મળતુ નથી બાયડના મિલ્કતધારકો મિલ્કત હોવા છતાં દસ્તાવેજોના અભાવે મિલ્કત વિહોણા જેવી સ્થિતિ પેદા થવા પામી છે.

બાયડ મામલતદાર કચેરીમાં મહેસુલ તથા ઈ-ધરા વિભાગની લાલીયાવાડીથી અનેકવાર બાયડ શહેર અને તાલુકાના પ્રજાજનોને તકલીફમાં મુકાવવુ પડે છે. જેની સામે ઉચ્ચકક્ષાએ ફરીયાદ કરવા છતાં યોગ્ય પગલા મહેસુલ તંત્ર દ્વારા ન ભરાતાં પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. તેમજ દલાલોનો રાફડો ફાટી નીકળ્યો છે. મામલતદાર કચેરીમાં નવી પ્રમોલેગેશનમાં ગંભીર ભુલ બહાર આવતાં રહીશો પરેશાન થઈ ગયા છે. બાયડ શહેરની એને થયેલી તમામ સોસાયટીઓ, કોમ્પલેક્ષો, પ્લોટ તથા જાહેર મિલકતોના ૭-૧૨ તથા ૮-અ રેકર્ડમાંથી ગાયબ થઈ જતાં પ્રજાજનોની હાલત કફોડી બની છે. મામલતદાર કચેરીના કોમ્પ્યુટરમાંથી દસ્તાવેજો મળી શકતા નથી તેવુ સ્ક્રીન પર જોવા મળે છે. કરોડો રૂપિયાની મિલ્કતોના ઉતારા ન મળતાં મિલ્કતધારકો મુંઝવણમાં મુકાઈ ગયા છે.

મામલતદાર કચેરીના સૂત્રોના જણાવ્યા અનુસાર નવા સર્વે બાદ સરકારમાંથી જ ડેટા નહી આવતા ઉતારા બતાવતા નથી. જેથી સરકારમાંથી ઉતારા આવી જશે તો આ સમસ્યાનો ઉકેલ મળી શકે તેમ છે. ૭-૧૨ અને ૮-અના ઉતારાઓ ન મળવાને લઈ જમીનો, પ્લોટો તથા અન્ય મિલ્કતોના દસ્તાવેજો અટકી પડાતાં સરકારી તિજોરીને પણ દસ્તાવેજો ન થઈ શકતા સ્ટેમ્પ ડ્યુટીની આવક ગુમાવવાનો વારો આવ્યો છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

### રેકર્ડમાં નામ નથી તેવી સોસાયટીના નામ

સાંઈવિલા, વિવેકાનંદ, સ્વામીનારાયણ સોસાયટી, શ્રીજીચરણ સોસાયટી, શિવાલીક સોસાયટી, શીવમપાર્ક, શ્રીધર સોસાયટી, અક્ષરધામ નગર તથા કોમ્પ્લેક્ષ મળી કુલ ૨૫૦૦ મિલકતોનો સમાવેશ થાય છે.

# પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પ્રવેશદ્વારે લગાડાયેલ સ્વાગત બોર્ડ શોભાના ગાંઠીયા સમાન

## પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ખાખી વર્દીનો રોફ : અરજદાર, ફરીયાદી કે મુલાકાતીઓને સીધા મળવા દેવામાં આવતા નથી

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પ્રવેશ દ્વાર ઉપર લગાડવામાં આવેલ સ્વાગત બોર્ડ માત્ર હાલ તો જેનો પ્રાંતિજવાસીઓને કડવા અનુભવો થાય છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પી.આઈ. ભરતભાઈ પટેલ દ્વારા સારા આશયથી અને ફરીયાદી, અરજદાર કે આવનાર મુલાકાતીઓને સીધો સંપર્ક થાય અને સાચી પરોક્ષ રીતે ફરીયાદી કે કોઈ પણ જાતની ધાર્મિક કે લોકહિતના કાર્ય માટે કે અન્ય કામ માટે પ્રાંતિજ તથા પંથકમાંથી આવતા લોકો સાથે સીધો સંપર્ક થાય અને સારી ભાવનાંથી બોર્ડ લગાડવામાં આવ્યું છે. પણ હાલ જાણે આ બોર્ડ શોભાના ગાંઠીયા જેવું લાગી રહ્યું છે.

જ્યારે હકીકત એવી છે કે અત્યારે આ પોસ્ટર બોર્ડ માત્ર શોભાના ગાંઠીયા જેવું છે. અરજદારો ફરીયાદી કે મુલાકાતીઓને પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પી.એસો. કે કોમ્પ્યુટર રાઈટર બહેન દ્વારા મળવા દેવામાં આવતા નથી અને ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ કે અગ્રણીઓને સીધા મળવા કે જવા દેવામાં આવતાં નથી અને તેમની સાથે તોછડુ વર્તન કરવામાં આવે છે. પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પી.આઈ. દ્વારા લગાવવામાં આવેલ બોર્ડ માત્ર હાલ તો શોભાના ગાંઠીયા જેવું લાગે છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## અરવલ્લી જીલ્લા ગૌ-રક્ષક અધ્યક્ષની નિમણુંક

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રામનગર ગામના સામાજીક કાર્યકર સંકેતભાઈ શંકરભાઈ ચૌધરીની અરવલ્લી જીલ્લા ગૌ-રક્ષક અધ્યક્ષ પદે નિમણુંક કરવામાં આવતા આનંદની લાગણી પ્રસરી છે.ગૌ-રક્ષક દળના અગ્રણી મયુરભાઈ ઠક્કર ગૌ-રક્ષા દળ અધ્યક્ષ ગુજરાત પ્રદેશ,મયુરભાઈ પંડ્યા ગુજરાત પ્રદેશ પ્રભારી, બંટીભાઈ મહેતા ગૌ-રક્ષા દળ ગુજરાત પ્રદેશ મંત્રીની ભલામણથી નિમણુંક કરાતાં ગૌ-રક્ષકો અને પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.



ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

# અરવલ્લી જિલ્લામાં ખાણ ખનિજ વિભાગનો સપાટો : ઓવરલોડ રેતી ભરેલી ૩ ટ્રકો કબ્જે

## જપ્ત કરાયેલ ટ્રકમાંથી ૧ ટ્રક ભૂમાફિયાઓ ચોરી જતાં પોલીસ ફરીયાદ નોંધાઈ

મોડાસા, તા. ૪

અરલ્લી જિલ્લામાં ખાણ ખનિજ વિભાગ દ્વારા ભૂમાફિયાઓને ઝડપી પાડવા કડક કાર્યવાહિ હાથ ધરી છે. ગુરૂવારે રાત્રે ખાણ ખનિજ વિભાગ દ્વારા હજીરા વિસ્તારમાં ચેકિંગ હાથ ધરાયું હતું. ચેકિંગ દરમ્યાન ગેરકાયદેસર ઓવરલોડ રેતી ભરેલી ત્રણ ટ્રક સહિત રૂ. ૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી દંડનીય કાર્યવાહિ હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લામાં ખનીજનું ગેરકાયદેસર ખનન કરતા અને ગેરકાયદેસર વગર રોયલ્ટી પાસ કે ઓવરલોડ ખનીજનું વહન કરનારા ભૂમાફિયાઓ બેફામ બન્યા છે. ત્યારે ખાણ ખનિજ વિભાગના ભૂસ્તરશાસ્ત્રી યદુવંશી દ્વારા ખનિજ ચોરી ડામવા મોડાસા પંથકમાં ગુરૂવારે રાત્રે ઈન્સ્પેક્ટર (માઈન્સ) આલ્ફોન્સો ડીસોઝા સહિતની ટીમે સઘન ચેકિંગ હાથ ધર્યુ હતુ. મોડાસા હજીરા વિસ્તારમાંથી એક ટ્રક અને સાયરા બાયપાસ નજીકથી બે ઓવરલોડ રેતી ખનીજ ભરેલી ટ્રકો ઝડપી પાડી હતી. જેમાં હજીરા વિસ્તારમાંથી ઝડપાયેલ ટ્રક નં. જીજે૯૨૪૯૭૮માં રોટલ્ટી પાસ કરતાં ૮.૫૮ એમટી વધુ રેતીનો જથ્થો મળી ટ્રક સાથે કુલ ૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એજ પ્રમાણે મેઘરજ-સાયરા બાયપાસ રોડ નજીકથી ટ્રક નં. જીજે૯૨ ૬૪૨૬માંથી રોયલ્ટી પાસ કરતાં ૧૬.૮૫ એમ.ટી. રેતીનો જથ્થો મળી આવતો ટ્રક સહિત કુલ ૧૪ લાખનો તેમજ ટ્રક નં. જીજે૯૨ ૪૨૬૬માંથી રોયલ્ટી પાસ કરતાં ૧૬.૧૮ એમ.ટી. વધુ રેતીનો જથ્થો મળી આવતાં કુલ રૂ. ૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે લેવાયો હતો. મોડાસા ખાણખનીજ વિભાગ દ્વારા કુલ ૩૬ લાખનો મુદ્દામાલ સહિત ત્રણ ટ્રકો જપ્ત કરી રેતી-ખનીજનો વધુ જથ્થો હોવાથી આ ત્રણેય ટ્રકો વિરૂદ્ધ દંડનીય કાર્યવાહિ હાથ ધરવા માટે એક ટ્રકને મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને નયા ૨ ટ્રકોને મોડાસા રૂરલ પોલીસસ્ટેશનને કબ્જો સોંપી ડીટેઈન કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

ભૂમાફિયાઓએ બેફામ બની જીજે૯૨ ૪૨૬૬ને મોડાસા ખાણ ખનીજ વિભાગે જપ્ત કરી રૂરલ પોલીસ સ્ટેશનને સોંપતા પહેલા ટ્રકચાલક અનિલભાઈ ખાતરાભાઈ ડામોર (રહે. મેતરી, જી. જુંગરપુર રાજસ્થાન) તેમજ પ્રવીણકુમાર ધરમસિંહ પટેલ (રહે. રામગઢ, ગુજરાત) તથા અન્ય એક અજાણ્યો શખ્સ મળી જપ્ત કરેલી ટ્રક ચોરીનો ફરાર થઈ જતાં ખાણખનિજ વિભાગના કર્મચારી હસમુખ કાનકર દ્વારા આ ત્રણેય આરોપીઓ સામે ટ્રક નં. જીજે૯૨ ૪૨૬૬ કિંમત રૂ. ૧૫ લાખની ચોરી કરી ફરાર થઈ જતાં મોડાસા ટાઉન પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવાતા મોડાસા ટાઉન પી.આઈ. કે.જે. ચૌધરીએ આ ત્રણેય આરોપીઓને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

# અરવલ્લી જિલ્લામાં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં મોડાસાનો વિદ્યાર્થી ભૂમિલ પટેલ પ્રથમ

## કે.એન. શાહ હાઈસ્કૂલનો ભૂમિલ ૯૯.૯૬ પર્સન્ટાઈલ રેન્ક સાથે સમગ્ર જિલ્લામાં અવ્વલ

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાનુ વડુ મથક મોડાસા શહેર શિક્ષણ નગરી તરીકે ગુજરાતમાં જાણીતુ છે. મોડાસા શહેરમાં ગુજરાત રાજયમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે પરિણામમાં મોડાસા શહેરની કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલના વિદ્યાર્થીએ ૯૯.૯૬ પર્સન્ટાઈલ રેન્ક મેળવી અરવલ્લી જિલ્લામાં મોડાસા શહેર અને શાળાનું નામ રોશન કર્યુ છે. ડૉક્ટરો અને એન્જીનીયરો તથા પ્રતિષ્ઠિત નાગરીકો આપેલ છે.

મોડાસામાં આવેલ કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલનો વિદ્યાર્થી ભૂમિલ રમેશભાઈ પટેલે ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૯૯.૯૬


(તસવીર : જય અમીન, મોડાસા)

તત્પર હોય છે. મોડાસા શહેરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો પરિણામમાં ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન હાંસલ કરી દબદબો વિદ્યાનગરી તરીકે જાળવી રાખ્યો છે. ત્યારે ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના

મોડાસા શહેર વિદ્યાનગરી તરીકે સમગ્ર ગુજરાતમાં નામના મેળવી છે. મોડાસા શહેરની કે.એન. શાહ હાઈસ્કૂલનો વિજ્ઞાન પ્રવાહમાં ખુબ અગ્રેસર છે. મોડાસાની કે.એન. શાહે સમગ્ર દેશ અને વિદેશમાં

પર્સન્ટાઈલ રેન્ક સાથે વિજ્ઞાન પ્રવાહમાં ૯૮ ટકા લાવી અરવલ્લી જિલ્લામાં એ-૧ ગ્રેડ મેળવનાર એકમાત્ર વિદ્યાર્થી બન્યો છે. ભુમિલ પટેલે ગુજરાત રાજ્યમાં મોડાસા હાઈસ્કૂલનું નામ રોશન કર્યુ છે.

# અરવલ્લીના વિરણીયા ગામની સીમમાંથી વિદેશી દારૂ ઝડપાયો

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના વિરણીયા ગામની સીમમાંથી બાતમીના આધારે પોલીસે આશરે રૂ. ૪૧,૪૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ ઓપરેશનમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે. જ્યારે અન્ય એક આરોપી ભાગી જવામાં સફળ થયો હતો.

વિરણીયા ગામની સીમમાં પીઆઈ પી.કે. પટેલ સહિત એલસીબીની ટીમે મળેલ બાતમીના આધારે ભલાભાઈ માનાભાઈ ખાંટના ઘરની નજીક જંગલની ઝાડીઓમાં રેડ કરતા વેચાણ અર્થે લાવેલ વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. આ દારૂ નાનજીભાઈ વજાભાઈ ડામોર (રહે. મુડસી, તા. મેઘરજ) તથા કાળુભાઈ (રહે. ખુંટેલા, જી. મહીસાગર) અને કાળુભાઈ (રહે. કોઠી, તા. માલપુર) દ્વારા વેચાણ માટે લવાયો હતો. પોલીસની ગાડી જોઈને નાનજીભાઈ વજાભાઈ ડામોર ભાગી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે સ્થળ તપાસ કરતા વિદેશી દારૂના ક્વાર્ટર તથા બીયરના ટીન મળીને કુલ ૪૧૪ નંગ જેની કિંમત આશરે રૂ. ૪૧,૪૦૦નો માલ ઝડપી પાડ્યો હતો. પોલીસે ભાગી છુટેલ આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## ડીસા પોલીસે ટ્રાન્સફર વોરંટ આધારે ત્રણ મોટર સાયકલ ચોર ઝડપ્યા

ડીસામાંથી મોટર સાયકલ ચોરી કરી ભાગી છુટેલા આરોપીઓ દાહોદ જિલ્લાના લીમખેડા પોલીસ હાથે ઝડપાયા હતા, જ્યાં તેમને ડીસાથી એક મોટર સાયકલ ચોરી કર્યાનું કબુલ્યું હોઈ ડીસા દક્ષિણ પોલીસે તેમની ટ્રાન્સફર વોરંટ આધારે ધરપકડ કરી હતી અને ડીસા લાવી કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા અને તપાસ હાથ ધરવા કાર્યવાહી કરેલ છે.

આ વાહનચોરી ક્રાઈમની વિગતો જોઈએ તો ડીસા દક્ષિણ પોલીસ હદ વિસ્તારમાંથી થોડા દિવસો અગાઉ એક મોટર સાયકલની ચોરી થઈ હતી, જેનો ગુનો ડીસા દક્ષિણ પોલીસ મથકે નોંધાયો હતો, જોકે તે દરમ્યાન દાહોદ જિલ્લાના લીમખેડા ગામે પોલીસે શકના આધારે ત્રણ યુવકો ઝડપ્યા હતા, જેમની પાસેથી એક દેશી બનાવટનો તમંચો અને એક ચોરીનું મોટર સાયકલ મળી આવ્યું હતું. લીમખેડા પોલીસની તપાસમાં આ ચોરાયેલું મોટરસાયકલ આરોપીઓએ ડીસાથી ચોરી કરેલ હોઈ પોલીસે આ ચોર ગેંગની ડીસા દક્ષિણ પોલીસને જાણ કરતા ડીસા પોલીસ સક્રિય બની હતી અને સક્ષમ કોર્ટમાંથી ટ્રાન્સફર વોરંટ આધારે આ ત્રણ આરોપીઓનો કબજો મેળવ્યો હતો. આ વાહનચોર ગેંગના ઝડપાયેલા આરોપી સંજયભાઈ છોટાલાલ તવાર (ઉં.વ. ૨૨, રહે. નાદીયાનગર, ઈન્દોર, મધ્યપ્રદેશ), ગોલુ રાજુ વિશ્વકર્મા ઉં.વ.૨૦, રહે. બડા તાલુકો-સાગર, મધ્યપ્રદેશ), રાજાભાઈ નરેન્દ્ર સોનિયા ચોબ્દાર (ઉં.વ. ૨૦, ઈન્દોર, મધ્યપ્રદેશ)ના હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવેલ છે, પોલીસે તેમની પાસેથી ચોરાયેલા મોટર સાયકલનો કબજો મેળવી વધુ તપાસ હાથ ધરેલ છે.

# પ્રાંતિજમાં સર્કલ કચેરીના કર્મચારીઓથી સ્થાનિકો પરેશાન

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ મામલતદાર કચેરીના સર્કલ ઈન્સ્પેક્ટરો દ્વારા ગરીબ ખેડૂતોની નોંધો મંજૂર કરવામાં વિલંબ તેમજ કંઈક અપેક્ષાઓના કારણે સામાન્ય બાબતોમાં નોંધો રદ કરવી નામંજુર કે પાસ કરવામાં વિલંબ કરી લાંબા સમય સુધી અરજદારોને ધક્કા ખવડાવવાની રાવ સમગ્ર તાલુકામાં ઉઠવા પામી છે.

ખેડૂતોને કુદરતી આફતો ઉપરાંત ક્યાંક માનવસર્જિત આફતોમાં પણ પરેશાન થવું પડે છે અને આવું જ પ્રાંતિજ તાલુકામાં સર્કલની પરેશાનીઓના ભોગ લોકો બની પરેશાન થતાં હોવાની રાવ ઉઠવા પામી છે. તો સ્વચ્છતા અભિયાનનાં ગાણાં ગવાય છે પણ કર્મચારીઓ જ મશાલા, ગુટકા જાહેરમાં ખાતા હોવાની પણ રાવ છે ત્યારે આવા સર્કલોની પરેશાની સંદર્ભે કેટલાકે ઉચ્ચ લેવલે રજુઆતો કરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦